# વીર બાળક દેવનાથ

– પોપટલાલ મંડલી

ઉત્તરપ્રદેશના ગઢવાલ જિલ્લાના એક નાનકડા ગામમાં દેવનાથ રહે, ચૌદ વરસની એની ઉંમર.

મા–બાપનો તે એકનો એક છોકરો હતો. આથી તે ઘરમાં ખૂબ લાડકવાયો. દાદીની અને માની ગોદમાં હાલરડાં અને વાર્તાઓ સાંભળતાં સાંભળતાં એનું બાળપણ વીત્યું. મા સાહસ અને શૌર્યની વાતો સંભળાવતી. દાદીમા રામાયણ અને મહાભારતની સંસ્કારી વાતો સંભળાવતી. આથી એનામાં વીરતાના સંસ્કારો અને ભારતીય પરંપરાનાં બીજ રોપાયાં.

ચૌદ વરસની ઉંમર થતાં દેવનાથ સુંદર અને સંસ્કારી કિશોર થયો. તે પોતાના સરળ સ્વભાવ તથા ગુણ સંસ્કારોના કારણે ઘરમાં, શાળામાં અને ગામમાં લોકપ્રિય બન્યો.

ઘરમાં એક રાત્રે સૌ ગાઢ નિદ્રામાં સૂતાં હતાં. દેવનાથને ગરમી લાગવાથી તે ઉપર છત પર સૂતો હતો. અડધી રાત્રે એકાએક તેની આંખ ઉઘડી ગઈ. તેને કંઈક અવાજ સંભળાતો હતો. તેણે નીચે દૃશ્ય જોયું તો તે દૃશ્ય જોઈને દિગ્મૂઢ થઈ ગયો. ઘડીભર તો શું કરવું તે તેને સૂઝ્યું નહિ. પરંતુ મા અને દાદીમાના સંસ્કારોએ એને બળ આપ્યું.

એના બા–બાપુજીના હાથપગ બાંધ્યા હતા ને તેઓ એક ખૂણામાં પડયાં હતાં. ઘરમાં દસ–બાર માણસો કે જે ડાકુઓ જેવા હતા તે ઘરમાંથી સામાન બહાર લાવી લાવીને ભેગો કરતા હતા.

દેવનાથ સમજી ગયો કે, 'ડાકુની ટોળીએ આજે મારા ઘરમાં ધાડ પાડી છે. વળી ગામનાં અનેક ઘરોને તેઓ લૂંટીને લઈ જવાના છે. કઠોર પરિશ્રમ કરીને એકઠી કરેલી કમાણીને આ લોકો બળજબરીથી ઉપાડી જશે. આવા અત્યાચારી અને લૂંટારાઓનો સામનો કરવો એ વીરનો ધર્મ છે. અન્યાયને ચૂપચાપ સહન કરવો તે પાપ છે. હું એમનો સામનો કરીશ.' આવું વિચારી દેવનાથ ચૂપચાપ નીચે ઊતર્યો. ડાકુ ઘણા હતા. પોતે સામનો કરનાર એકલો હતો તેથી યુક્તિપૂર્વક સામનો કરવો એ જ યોગ્ય માન્યું. તેણે વરંડામાં પડેલી કુહાડી ઉપાડી. ઝાડના ઓથે લપાઈને ઊભો રહ્યો. એક ડાકુ એની

પાસેથી પસાર થયો. એણે એના પર કુહાડીનો જોરદાર ઘા કર્યો. તે ઘાયલ થઈ ભાગી ગયો. થોડીવારે બીજો ડાકુ ત્યાં આવ્યો. દેવનાથ તૈયાર જ હતો, એણે ડાકુના માથામાં કુહાડી ફટકારી. બીજો પણ ઘાયલ થઈ ભાગી ગયો. આમ દેવનાથે ચાર ડાકુઓને મારી ભગાડી દીધા.



બાકીના ડાકૂઓ સતર્ક થયા. એમને થયું કે ગામલોકો જાગી ગયા છે. આપણા ચાર ડાકૂઓને મારી ભગાડી દીધા છે. હવે આપણો વારો છે. આવું વિચારી બધો સામાન પડતો મૂકી બાકીના ભાગી ગયા. આ ઝપાઝપીમાં દેવનાથ ઘવાયો હતો.

ધમાલ થતાં આખું ગામ જાગી ગયું. એમણે અને દેવનાથે ભાગતા ડાકુઓનો પીછો કર્યો. એક ડાકુ દેવનાથના હાથે પકડાઈ ગયો. આ ડાકુઓએ ગામમાં દસ જગ્યાએ ધાડ પાડી હતી. પરંતુ દેવનાથની સજગતાના લીધે તેઓ માત્ર થોડોક જ સામાન લઈને નાસી ગયા હતા.

દેવનાથે પકડેલા ડાકુને ખોખરો કરી પોલીસના હવાલે કર્યો. પોલીસને એના દ્વારા ડાકુઓની આખી ટોળકીનો ભેદ મળી ગયો. એ બધાને પકડી તુરંગના હવાલે કરી દીધા. લોકો હવે રાહત અનુભવે છે ને નિરાંતે ઊંઘે છે.

ગામલોકોએ અને પોલીસખાતાએ આ નાનકડા દેવનાથનો આભાર માન્યો. એનું સન્માન કર્યું.

સાહસ અને પરોપકારી કાર્યો કરવામાં ઉંમર નહિ પણ યોગ્ય સંસ્કાર ઉપયોગી થાય છે. નાનાં બાળકો જે કામ કરી શકે છે તેવું કામ મોટેરાઓ કરી શકતા નથી.

આપણા રાષ્ટ્રપતિએ દેવનાથને ૨૬મી જાન્યુઆરીએ દિલ્હી બોલાવી બાલવીર પુરસ્કારથી એનું સન્માન કર્યું.

■